જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૪/૨૦૨૩** **રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનની પોલીસે પોતાના જીવનથી કંટાળીને આત્મહત્યા કરવા જઇ રહેલી મહિલાનો જીવ બચાવ્યો

૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ એક અજાણી વ્યક્તીનો ફોન આવે છે અને એક મહિલા વાસણા બેરેજ રોડ પર આત્મહત્યા કરવા જઇ રહેલ હોવાનુ જણાવે છે.જેથી તુરંત જ ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ તથા મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસો જગ્યા પર પહોચી જાય છે પરંતુ ફોન કરનાર વ્યક્તિ જગ્યા પરથી જતી રહેલ હોય છે.જેથી અભયમની ટીમ તથા પોલીસ માણસો આ ફોન કરનાર વ્યક્તિને ફોન પર આત્મહત્યા કરવા જનાર મહિલાના પહેરવેશ વિષે પુછીને સુઝબુઝથી મહિલાને શોધી કાઢે છે.અભયમની ટીમ તથા મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસો મહિલાને શાંતીથી બેસાડી પુછપરછ કરતા જાણવા મળે છે કે મહિલા ના ૭ થી ૮ વર્ષ પહેલા લવ મેરેજ થયેલા હોય છે અને સંતાનમા બે બાળકો છે અને મહિલાને તેની સાસરીમા સારૂ રાખતા હોય છે.પરંતુ મહિલાના પિયરમા એવી મનોગ્રંથી બેસી ગઇ હોય છે કે મહિલાને સાસરી પક્ષમા હેરાનગતી છે જેથી એક દિવસ મહિલાના મામા આવીને તેને સાસરીમાથી એક બાળક સાથે તેના પિયરમા લઇ જાય છે અને બીજા દિવસે બીજા બાળકને પણ લઇ જાય છે અને મહિલાને કહે છે કે જો હવે સાસરીમા જશે તો તેના બાળકને નહિ આપે જેથી મહિલા જીંદગીથી કંટાળી પાંચ દિવસથી ઘરેથી નીકળી ગયેલ હોય છે અને આજરોજ કંટાળીને આત્મહત્યા કરવા આવેલાનુ જણાવેલ જેથી મહિલાને લઇને તેની સાસરીમા જઇ મહિલાના પતિ તથા તેમના સાસુ સસરાને હકીકત જણાવેલ અને મહિલાના પિયર પક્ષના માણસોને મહિલાને ખોટી હેરાન નહિ કરવા અને તેનો પરીવાર વસાવવા દેવા સમજાવેલ. આમ મહિલાનુ જીવન બચાવી જીવનમા આવતી પરેશાનીઓથી હારીને નહિ પરંતુ તેની સામે લડીને પોતાનુ જીવન સુખમય રીતે જીવવાનુ સમજાવી અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા વેસ્ટ પોલીસ સ્ટેશનની પોલીસે ઉમદા કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ** :- મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૧૦૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૬૮/૨૦૨૩

**માધવપુરાઃ** રજનીશભાઇ વિજેન્દ્રભાઇ શર્મા (ઉ.વ.૪૫)(રહે.એમ.કે.બંગ્લોઝ કોટેશ્વર મોટેરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૧/૦૪/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યા દરમ્યાન દિલ્લી દરવાજા, નવા માધુપુરા માર્કેટ ખાતે આવેલ “કૃપા કિરાણા” નામની રજનીશભાઇની દુકાનની જાળીનુ અને શટરનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી અને લાકડાના કાઉન્ટરના ડ્રોવરમાંથી કુલ રોકડ રૂપિયા ૨,૩૬,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૬૬૯/૨૦૨૩

**નારણપુરાઃ** હેમાંગીબહેન વા/ઓ પ્રશાંતભાઇ છત્રીવાલા (ઉ.વ.૪૪)(રહે.કસ્તુરબા મહીલા સોસાયટી પાલનપુર પાટીયા ટેકરાવાળી સ્કુલની પાછળ સુરત) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૩૫ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર બસ સ્ટેન્ડ થી શાસ્ત્રીનગર બસ સ્ટેન્ડ સુધીની બી.આર.ટી.એસ બસની મુસાફરી દરમ્યાન હેમાંગીબહેનની નજર ચુકવી તેમનુ સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૭,૫૯,૦૦૦/- મતાના દાગીના મુકેલ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી